Letter No: TDD/0020/12/2023 Dt: 22-12-2023

આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓને લોન આપવાની યોજના તેમજ આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓને શેરમૂડી લોન આપવા અંગેની યોજના બંધ કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ક્રમાંક: TDD/VKY/e-file/25/2022/0009/P
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા:૧૫/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: VKY/2022/489/P.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા:૨૩/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: VKY/2022/289/P.

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા:૦૬/૦૨/૨૦૨૩નો સુધારા ઠરાવ ક્રમાંક: VKY/2022/489/P.

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા:૦૬/૦૨/૨૦૨૩નો સુધારા ઠરાવ ક્રમાંક: VKY/2022/289/P.

**આમુખ:**

આદિજાતિ ખેડૂત સભાસદોના વિશાળ હિતમાં ખાંડ સહકારી મંડળીઓ પોતાની અર્થક્ષમતા મેળવી શકે અથવા જાળવી શકે તે માટે આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓ માટે લોન સ્વરૂપે આર્થિક સહાય આપવા માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨થી થી આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક: (૧) પરના તા.૧૫/૦૯/૨૦૨૨ના ઠરાવથી આ યોજના અમલમાં આવેલ છે. તેમજ આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓમાં અનુસુચિત જન જાતિના ખેડૂતો સભ્ય પદ મેળવી શકે તે માટે મંડળીઓને શેરમુડી લોન આપવા માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨થી થી આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક: (૨) પરના તા:૨૩/૦૯/૨૦૨૨ના ઠરાવથી આ યોજના અમલમાં આવેલ છે. વધુમાં, વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) પરના ઠરાવોથી આ યોજનાઓમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવેલ છે.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હસ્તક આ યોજનાઓનું અમલીકરણ કરવા માટે જિલ્લા કક્ષા સુધીનું એક સ્થાપિત માળખું પહેલેથી જ અસ્તિત્વમાં હોઈ, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આ યોજનાઓનું અમલીકરણ પણ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળની કચેરી ખાંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા જ કરવામાં આવતું હોઈ તેમજ પ્રસ્તુત યોજનાઓ માટે જો સહકાર વિભાગના ટ્રાયબલ સબ પ્લાન હેઠળ જોગવાઈ કરવામાં આવે તો સહકાર વિભાગની TSP યોજના હેઠળની જોગવાઈમાં વધારો કરી શકાય તેમ હોઈ તથા આદિજાતિ વિકાસ વિભાગની અન્ય યોજનાઓ માટે વધુ બજેટ ફાળવી શકાય તેમ હોઈ, સદર યોજનાઓ આ વિભાગ દ્વારા બંધ કરવામાં આવે અને આ યોજનાઓ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ચલાવવામાં આવે, તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**-: ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓને લોન આપવા બાબતની વંચાણે લીધા ક્રમાંક: (૧) પરની યોજના તેમજ આદિજાતિ વિસ્તારની ખાંડ મંડળીઓને શેરમૂડી લોન આપવા અંગેની વંચાણે લીધા ક્રમાંક: (૨) પરની યોજના બંધ કરવા આથી ઠરાવવામાં આવે છે તેમજ આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૪) પરના ઠરાવો આથી રદ કરવામાં આવે છે.

Signature Not Verified
Signed by: Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2023.12.22 11:41:33 +05:30

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઈ-ફાઈલ પર સરકારશ્રીની તા.૨૩/૧૧/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયદેવસિંહ વાઘેલા
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
2. માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
4. માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
5. અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. અગ્ર સચિવશ્રી (આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સંયુક્ત સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
10. નાણા સલાહકારશ્રી (કૃષિ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
11. નિયામકશ્રી (આ.વિ.) નિયામકશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
12. ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્યની કચેરી, બ્લોક નં.૮/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
13. નાયબ સચિવશ્રી (સહકાર), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
14. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ રાજકોટ.
15. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
16. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર,
17. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, તાપી.
18. જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, તાપી.
19. સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.

20. સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Jaydevsinh K.
Vaghela
Under Secretary
Date: 2023.12.22 11:41:33
+05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign